

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*અચ્છે-દિનની આશાને બદલે, ઉગી કાળી ચૌદસ!*
*આર્થિક સ્મશાને નાચે ભૂતડાં, ઉગી કાળી ચૌદસ!*
*સુખોની શરણાઈ બદલે, વાગ્યાં ભૂવાનાં ડાકલાં -*
*રાહ જોઈ તી પૂનમની પણ ઉગી કાળી ચૌદસ!*

### હાઈકુ

*હનુમાનજી!*
*આ પ્રેત-પલિતોથી*
*કરજો રક્ષા!*

*આ મોંઘારત!*
*'ભાવ' થી ભીંજવે છે*
*કાળી ચૌદસ!*

### ચિંતન

**સબ ઘટ ભીતર રામ હૈ, ઐસા આપહિ જાન,**
**આપ આપસે બંધિયા, આપે ભયા અજાન**

**ઉપરોક્ત શાકી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર કહે છે કરોળિયો જેમ પોતાની આસપાસ રચેલી જાળમાં ફસાય ને તેનાથી બહાર નીકળી શકતો નથી, તેજ રીતે મોહ-માયારૂપી જાળ તેં તારી આસપાસ રચી દીધી છે અને તેમાં તું બંધાઈ ગયો છે. એ માયારૂપી જાળ તારે માટે કેદખાનું બની ગયું છે, પણ તું એ જાણતો નથી, કારણ કે તું અજ્ઞાનમાં ફસાઈ ગયો છે. તું જાણે જ બંધાવાનું કામ કરે છે, હે માનવી !! તે બંધનમાંથી મુક્ત તને રામ નામ જ કરશે. સર્વ દેહમાં અને સર્વની ભીતર આત્મા સ્વરુપે રામ બીરાજે છે, એ વાત તને ત્યારે જ સમજાશે જયારે તું મોહ-માયાના બંધનમાંથી મુક્ત થઈ શકીશ.**

### સુવિચાર

- જયારે પાપ ભૂલાઈ જાય છે ત્યારે જ ક્ષમા આપવી સહેલી છે - **જર્મનીની કહેવત**
- પરિસ્થિતિ બદલાશે, પણ જ્ઞાન નહીં બદલાય - **ઓશો**
- 'હું કંઈક જાણું છું' એવું જરાક વિચાર આવે, તે પાછી અજાગૃતિ લાવી નાખે - **બોધિવૃક્ષ**
- વારંવાર આંગળી ખોસીને તપાસ્યા કરશો તો દહી નહીં જામે - **જનકલ્યાણ**
- જીત કે લ જાયે કોઈ મુજકો નસીબોવાલા, જિંદગી ને મુઝે એક દાવ પે રખ્ખા હૈ - **કતિલ શિફાઈ**
- મતભેદ પડે ત્યાં આપણા શબ્દો પાછા ખેંચી લેવા, એ ડાહ્યા પુરુષોની નિશાની - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : તાજા ઘા ઉપર જેઠી મધમાં મળ મેળવી ઘામાં ભરવાથી જલદી રૂઝ આવે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

માઉથ એન્ડ ફૂટ પેઈન્ટિંગ એસોશિએશનના સ્થાપક માઈકલ સ્ટેગમેન માત્ર ૩ વર્ષની ઉંમરે હાથ ગુમાવી બેઠા. તેમણે મુખ-પગ ચિત્રકારોની સંસ્થાની સ્થાપના કરી. તેઓ સ્વભાવે ઉગ્ર હતા.

ન્યુયોર્કની શેરીમાં બેસી મુખ-પગથી ચિત્રો દોરે. લોકો અદ્‌ભૂત ચિત્ર જોઈને સિક્કા નાખતા કેમ કે લોકોને આવા માણસની દયા આવતી.

આવા સિક્કા ઠુકરાવતા માઈકલ કહેતો 'હું તમારી દયાને ઠોકર મારું છું, મારા ચિત્રકામમાં તમને હાથવાળા જેટલી ક્ષમતા દેખાય તો એ ચિત્રની કદર કરો, ભીખ ન આપો.'

આવી ખુમારીથી ચિત્રો દોરી તેની હરાજી કરી તેમણે સંસ્થાની સ્થાપના કરી. દુનિયાભરમાંથી તેમણે આવા ચિત્રકારોને ભેગા કર્યા. જે સૌ તેમના કેલેન્ડરો, ફોલ્ડર્સ, ગ્રીટીંગ કાર્ડસ વગેરેના વેચાણમાંથી આ સંસ્થાનો નિભાવ ચાલે છે. અને જે નફો થાય તે સૌને સરખે ભાગે વહેંચી આપવામાં આવે છે.

આવા ખમીરથી જીવતા જગતભરના ચિત્રકારોને નમન.

# વંશવાદ સામે વિકાસવાદ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતની વિધાનસભાની ચૂંટણી પછી જે કોઈ પાર્ટી સત્તા પર આવે તે ખરી, પણ એટલું તો નક્કી જ છે કે નરેન્દ્ર મોદી કે રાહુલ ગાંધી ગુજરાતના મુખ્યમંત્રી બનવા નવરા નથી ! પરંતુ ચૂંટણી પ્રચાર એવી રીતે જામી રહ્યો છે કે જાણે આ બે વચ્ચેનું જ આ યુદ્ધ હોય. કોણ જાણે કેમ, રાજયની ચૂંટણીમાં આવા રાષ્ટ્રીય નેતાઓને કૂદી પડવાની શી જરૂર પડતી હશે ? રાજયના નેતાઓ શું એટલી હદે વામણા છે કે એમને દિલ્હીની ઢાલ તળે જ વિકસવું પડે ? પણ આ સંસદીય લોકશાહી પદ્ધતિની પરંપરા અને બલિહારી છે. નહીંતર રાજયસ્તરની નેતાગીરી જ એટલી સક્ષમ હોવી જોઈએ કે રાષ્ટ્રીય નેતાગીરીને એના કામમાં વધુ પડતો ચંચુપાત કરવાની જરૂર જ ન રહે. ગુજરાતે નમૂનેદાર મુખ્યમંત્રીઓ જોયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જો એમ કહેતા હોય કે કોંગ્રેસે દેશનો સત્યાનાશ જ વાળ્યો છે તો એ વિધાન સાથે ભાગ્યે જ કોઈ મગજવાળો મતદાતા સહમત થશે. જીવરાજ મહેતા, બળવંત રાય મહેતા, હિતેન્દ્ર દેસાઈ, માધવસિંહ સોલંકી અને ચીમનભાઈ પટેલ જેવા સક્ષમ મુખ્યમંત્રીઓની હરોળમાં મોદીનું નામ જરૂર ઉમેરી શકાય, પરંતુ બાકીના કોંગ્રેસી હતા, તેથી એમના નામનું નામું લખી નાખી વિકાસના નામે કોંગ્રેસી શાસન દરમિયાન કશું થયું જ નથી એમ કહેવું એ તો ઈતિહાસનો દ્રોહ જ ગણાશે. જીવરાજ મહેતા નહેરુની પસંદગીના મુખ્યમંત્રી હતા, પણ એમના જ જેવા નિ:સ્પૃહ અને કર્તવ્ય પરાયણ નેતા કદાચ થયા નથી કે થયે પણ નહીં. કોંગ્રેસમાં ચાલતા જૂથવાદનો એ પણ ભોગ બન્યા હતા. જે મોરારજી દેસાઈ પાછળથી કોંગ્રેસ છોડીને વડાપ્રધાન બન્યા હતા એમને જ ડૉ.જીવરાજ મહેતા જેવા નખશિખ પવિત્ર રાજપુરુષને મુખ્યમંત્રીપદેથી હટાવી પોતાની અનુકૂળ અગ્રણીને એમની જગ્યાએ ગોઠવ્યા હતા. ગુજરાતના રાજકારણમાં વંશવાદ જરૂર પ્રવેશ્યો છે અને એથી કોંગ્રેસને નુકસાન પણ થયું છે. પરંતુ વંશવાદ કયાં નથી તે કહેવું મુશ્કેલ છે. ઉત્તરપ્રદેશમાં રાજનાથસિંહના સુપુત્ર રાજકારણમાં નથી શું? એવાં બીજાં ઉદાહરણો પણ મળી શકે. સંઘ સાથે આજીવન કુંવારા રહી પ્રચારક તરીકે કઠોર જીવનશૈલી છોડી વૈભવી રાજપુરુષ તરીકે જીવતા ટેવાયેલા નેતાઓ વિશે પણ પ્રજાને પૂરતી માહિતી છે. અલબત્ત, મોદીની વિકાસ પુરુષ તરીકેની ઊભી થયેલી છાપનાં ઓછાયામાં એમના અઢળક ખર્ચાળ જીવનની બાબતો ઢંકાઈ ગઈ છે, છતાં એટલું તો સાચું કે સત્તા પર આવ્યા પછી કોઈ 'સેવક' નથી રહેતું - બધા જ રાજાપાઠમાં આવી જતા હોય છે. કુંવારા નેતાઓને વંશ ન હોય પણ વહાલાંદવલાં તો હોવાનાં જ. મોદી કોંગ્રેસના વંશવાદની વાત કરે છે ત્યારે એમાં વાજબીપણું જરૂર લાગે છે પણ રાહુલ ગાંધીથી લઈ ગુજરાતના પ્રદેશકક્ષાના હાલના ઘણા બધા નેતાઓને વંશવાદનો વારસો મળ્યો હોવાથી રાજકારણમાં જ ન રહેવાય, એવી દલીલ પણ વાહિયાત જ લાગે. સચીન પાઈલટને રાજેશ પાઈલટ જેવા પ્રતાપી પિતાનો વારસો સાંપડ્યો હોય કે જયોતિરાદિત્ય સિંધિયાને કયારેક વાજપેયીને પણ હરાવનાર માધવરાવ સિંધિયાનો વારસો મળ્યો હોય પણ જો એમનામાં અંગત લાયકાત ન હોત તો એ એમની વારસાઈની મૂજી પણ જાહેરજીવનમાં ટકી ન જ શક્યા હોત. આ જ મુદ્દો વસંધરા રાજેને પણ લાગુ પાડી શકાય - શું એમને વિજયારાદે સિંધિયાનો રાજકીય વારસો નથી મળ્યો ? માયાવતીને કાંશીરામનો કે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને નરેન્દ્ર મોદીનો રાજકીય વારસો ન સાંપડ્યો હોત તો એમની પાર્ટીએ એમને મુખ્યમંત્રી બનવા દીધાં હોત ખરાં ? આમ રાજકારણે પણ જયારે એક વ્યવસાયનું સ્વરુપ ધારણ કર્યું હોય ત્યારે સ્વાભાવિક છે કે વકીલનો પુત્ર વકીલ અને ડૉકટરનું સંતાન ડૉકર બન છે એ જ રીતે રાજકારણીનાં સંતાનો રાજકારણમાં પ્રવેશવાનાં. એમનામાં કૌવત હશે તો પ્રજા એમને સ્વીકારશે, નહીંતર તેઓ ફેંકાઈ જશે. કોંગ્રેસના કેટલાક મોટા ગજાના નેતાઓનાં સંતાનોને તક મળી હોવા છતાં જામી શક્યા નથી તે કોણ નથી જાણતું? બાબુ જગજીવનરામનાં વારસદારો વચ્ચે વારસાઈની કેવી લડી હતી ! એમાં આખરે મીરાકુમાર જ જામ્યાં. રાહુલ એટલા નિખાલસ છે કે પોતે રાજકીય પરિવારમાંથી આવતાં હોવાને લીધે બારોબાર ઊંચકાયા હોવાની કબૂલાત કરે છે. પરંતુ ભાજપે એ જ ગાંધી-નહેરુ પરિવારનાં બળવાખોર પુત્રવધુ અને વરુણ ગાંધીને સામે પગલે સ્વીકાર્યા છે એનું શું ?

# 'અમે પોતપોતાનું કામ કરીએ છીએ'



## નવાં કલેવર

નટવર હેડાઉ

ઘરની સાફસૂફી દરમિયાન જયદીપનાં હાથમાં આજ ફરી પેલો બ્લેન્કેટ આવી ગયો. જે ગઈ દિવાળી અગરબત્તી અડકી જતા સ્હેજ બળી ગયો હતો. અથવા એમ કહી શકાય કે તેમાં સ્હેજ કાણું પડી ગયું હતું.

જયદીપે તેની પત્ની જયોત્સનાને કહ્યું, 'અરે આ બ્લેન્કેટ હજુ સુધી તેંકોઈને આપી દીધો નથી. હું કાલે મોનીંગ વોકમાં જતાં લઈ જઈશ અને કોઈ ભીખારીને આપી દઈશ. ઠંડીમાં તેને કામ લાગશે.'

પત્નીને પણ જયદીપની વાત સાચી લાગી. 'હા', બરાબર છે, આમ પણ ઘરમાં ઘણા સમયથી એમ જ નક્કામો પડી રહ્યો છે, છેવટે કોઈકને તો એ ઉપયોગી થશે.'

બીજે દિવસે સવારે જયદીપ મોર્નિંગ વૉકમાં નીકળતો હતો ત્યારે તેની પત્નીએ યાદ કરીને બ્લેન્કેટ એક પ્લાસ્ટિક બેગમાં મુકી તેના હાથમાં પકડાવી દીધો.

'સારું થયું તે યાદ કરી બ્લેન્કેટ આપ્યો.' જયદીપ ખુશ થયો.

તે ચાલતો ચાલતો શેરીના નાકે પહોંચ્યો નજીકમાં જ એક મંદિર હતું. તે કોઈ વૃદ્ધ અશક્ત ભિખારીને બ્લેન્કેટ આપવા માંગતો હતો.

તેના હાથમાં બ્લેન્કેટ જોઈ લગભગ-૨૦ ૨૫ વર્ષનો એક યુવક પાસે આવ્યો અને બોલ્યો. 'સાહેબ, તમે કદાચ આ બ્લેન્કેટ કોઈને દાનમાં આપવા માંગો છો ખરું ને?'

'હાં, હું બ્લેન્કેટ આપવા માટે જ લાવ્યો છું.' જયદીપે તરત કહ્યું.

પેલા યુવકે સહેજ આજુબાજુ જોયું પછી કહ્યું 'જૂઓ, આપ એમ કરો સામે ત્રીજા નંબરે જે વ્યક્તિ બેઠાં છે તેને બ્લેન્કેટ આપી દો.'

જયદીપને આશ્ચર્ય થયું. પેલો યુવક આમ શા માટે કહે છે. તેણ કહ્યું, 'કેમ ભી, તું એ વ્યક્તિને જ બ્લેન્કેટ કેમ અપાવવા માંગે છે. તારો કોઈ ઓળખીયો છે.'

યુવકની વાત સાંભળી જયદીપને ગુસ્સો આવી ગયો. તેણે પેલા યુવકને ધમકાવતા કહ્યું, 'કેમ, તને તારા બાપ પાસે ભીખ મંગાવતા શરમ નથી આવતી.' આમ તો સારા ઘરનો લાગે છે. ભણેલો ગણેલો પણ હોઈશ. આ તને શોભે છે ?

જયદીપની વાત સાંભળી પેલો યુવક બોલ્યો, 'સર, મને શરમ શું કામ આળે, તમને ખબર છે તેમને સોળ હજાર રૂપિયા પેન્શન આવે છે. તે પહેલાં સિવિલ હોસ્પિટલમાં કામ કરતા. હવે નવરાધુપ છે.'

જયદીપને આશ્ચર્ય થયું, તેણે પુછી જ નાંખ્યું, 'અને તારી માં કયાં છે ?'

'મારી માં, હા જૂઓ સામે મંદિરના પગથીયામાં નીચે બેસીને ભીખ માંગે છે. તેને પણ બાર હજાર પેન્શન મળે છે. એ પણ એક કચેરીમાં નોકરી કરતી હતી. યુવકે ખૂબ જ ધીરજપૂર્વક જવાબ આપ્યો.'

જયદીપની જીજ્ઞાસા વધતી જતી હતી. તેણે પુછ્યું, 'તો પછી તું હાલમાં શું કરે છે?'

યુવકે કહ્યું, 'સર, હું પણ હાલમાં નોકરી કરું છું. ફિક્સ પગારમાં હતો હવે કાયમી થઈ ગયો છું. હું રોજ અહીં જોવા આવું છું કે મારા માતાપિતા કયાં બેસીને ભીખ માંગે છે.' થોડીવારમાં હું પણ મારી નોકરી પર જતો રહીશ.'

બ્લેન્કેટ જયદીપના હાથમાં જ રહી ગયો.

# ધર્મ, ભક્તિ, જ્ઞાનદીપ સદાય પ્રજ્વલિત રહો



## ગુલમહોર

દિનેશ દેસાઈ

ઋગ્વેદમાં કહ્યું છે કે ''દીપાખ્ય જ્યોતિ પ્રકાશો'' દિવાળી, દીપાવલિના દિવસોમાં દીપકનું માહાત્મ્ય છે. ભગવાન બુદ્ધે કહ્યું છે કે ''આપ્પ દીપ ભવ:'' અર્થાત્ ''તમે જ તમારા દીપ બનો'' આવા સમાન સૂત્ર પણ અવશ્ય યાદ આવે. ''તું જ તારો દીવો થા'' અને ''દિલમાં દીવો કરો.'' મનની માયાનગરીમાંથી અનિષ્ટરૂપી અંધકાર દૂર કરવા માટે ધર્મ, ભક્તિ, જ્ઞાનનો દીવો

> **મનની માયાનગરીમાંથી અનિષ્ટરૂપી અંધકાર દૂર કરવા માટે ધર્મ, ભક્તિ, જ્ઞાનનો દીવો સળગાવવો જોઈએ. આ દીવો માત્ર દિવાળીના દિવસોમાં જ નહીં, જીવનભર સદાય પ્રજ્વલિત રહેવો જોઈએ.**

સળગાવવો જોઈએ. આ દીવો માત્ર દિવાળીના દિવસોમાં જ નહીં, જીવનભર સદાય પ્રજ્વલિત રહેવો જોઈએ.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન સાથે સંવાદ સાધે છે અને તેને ભક્તભાવે ધર્મયુદ્ધ લડવા સમજાવે છે અને તૈયાર કરે છે. સમગ્ર મહાભારતના યુદ્ધપર્વમાં કુરુક્ષેત્રના રણમેદાનમાં ભક્ત સાથે ભગવાનનો થયેલો આ સંવાદ કૉમ્યુનિકેશનનું બહેતર દ્દષ્ટાન્ત બન્યું છે. કૉમ્યુનિકેશન માટે (૧) સંવાદ યાને વાતચીત, (૨) તમારો કહેવાનો ભાવ, ભાવના યાને શબ્દોનો ટૉન અને (૩) તમારા ચહેરા અને સમગ્ર શરીરના હાવભાવનું યાને બૉડી લૅન્ગ્વેજનું મહત્વ છે.

દરેક સંબંધના પાયામાં સુદૃઢ કૉમ્યુનિકેશન રહેલું છે. જ્યારે તમે કોઈની સાથે સંવાદ સાધો છો, વાતચીત કરો છો ત્યારે એક સેતુની રચના થાય છે. શબ્દ બ્રિજનું કામ કરે છે. શબ્દ જરુરી છે પણ માત્ર શબ્દ જ પર્યાપ્ત નથી. શબ્દ સાથે તમારા હાવભાવ અને તમારું સમગ્ર શરીર (બૉડી લૅન્ગ્વેજ) પણ ચોક્કસ છાપ છોડી જાય છે. (૧) શબ્દ, (૨) ટૉન અને (૩) બૉડી લૅન્ગ્વેજ ઉપરાંત તમારી ભીતર રહેલી અજબની શક્તિ, ઈન્ટ્યુશન યાને અંતરદૃષ્ટિ પણ તમારી મદદે આવે છે.

''તું જ તારો દીવો થા'' અને ''દિલમાં દીવો કરો.'' આ સૂત્રને ચરિતાર્થ કરવા અને સમજવા માટેનું ચાલકબળ એટલે જ અંતરદૃષ્ટિ. દરેક વ્યક્તિની ભીતર પ્રજ્ઞાનો ભંડાર રહેલો હોય છે. તમે કોઈ વ્યક્તિને મળો ત્યારે તમને ભીતરથી હર્ષ અને આનંદની યાને હકારાત્મક અનુભૂતિ થાય અથવા નિરાશા અને નિરુત્સાહ જેવી નકારાત્મક અનુભૂતિ થાય છે, એ અંતરદૃષ્ટિને આભારી છે. આપણી સિક્સ્થ સેન્સ, અંતરદૃષ્ટિ આપણને કહી આપે છે કે કોઈ બાબત ગમી અથવા ના ગમી. અંતરદૃષ્ટિનું માનવું. અંતરદૃષ્ટિ સદાય આપણને માર્ગ બતાવતી રહે છે, એ ખરું દીપપ્રાગટ્ય છે.

આપણે જોઈ શકીએ છીએ કે કેટલીક વ્યક્તિ સાવ સહજ એટલે કે સ્પૉન્ટેનિયસ હોય. જ્યારે કેટલીક વ્યક્તિ માટે સાવ સામાન્ય નિર્ણય લેવાની ક્ષમતા પણ ગેરહાજર હોય છે. તમને કઈ વ્યક્તિ ગમે? સહજ અને સરળ વ્યક્તિ કે અનિર્ણાયક અને ગુંચવાડાવાળી વ્યક્તિ? આમ વ્યક્તિ સાથે સંબંધ અને મૂલ્યોનો માપદંડ આપણે સમજી શકીએ. વાત અંતરદૃષ્ટિની છે. જે વ્યક્તિ સહજ અને સરળ છે તે નિર્ણાયક પણ હોય જ છે. આવી વ્યક્તિ પોતાના આત્માના અવાજને અનુસરે છે, એટલે કે મનની વાત માને છે. જેને આપણે અંતરદૃષ્ટિ કહીએ છીએ.

ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે માનવ અવતારે વિદ્યમાન હતા ત્યારે એમને ભગવાન તરીકે બધા જ સ્વીકારી શક્યા નહોતા. ભગવાન શ્રીરામની ભગવાન તરીકે પ્રતિમા, મૂર્તિ પ્રસ્થાપિત કરીને મંદિર બનાવવાનું ક્યારે શક્ય બન્યું હતું? એમના સ્વધામગમન પછીય સદીઓ બાદ ભગવાન શ્રીરામજીનું મંદિર બન્યું અને એમની ભક્તિની શરુઆત થઈ. સાથે હોય તેનો મહિમા હોતો નથી, વાત આટલી જ છે. પ્રત્યક્ષનું મૂલ્ય નથી સમજતા. ભગવાન હોય કે સામાન્ય માનવી, એ આપણી સાથે હોય ત્યારે એના હોવાની અનુભૂતિ થતી નથી કે મૂલ્ય સમજાતું નથી.

ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ સ્થાપિત કરીને મંદિર ક્યારે બન્યું? વ્રજ રાજાએ ઈસવીસનની ૪થી સદીમાં સૌપ્રથમવાર ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી અને સમાજે ભગવાન માન્યા. ૫,૦૦૦ વર્ષ પહેલા થઈ ગયેલા અવતારી પુરુષ શ્રીકૃષ્ણને માત્ર ૧,૬૦૦ વર્ષ પહેલા જ ભગવાન તરીકે સ્વીકારવામાં આવ્યા. જ્યારે ભક્ત સહિત ભગવાન એટલે કે રાધાજી સહિત ભગવાનના મહિમાનો સ્વીકાર ક્યારે થયો? રાધાકૃષ્ણની સંયુક્ત યાને યુગ્મ-યુગલ મૂર્તિ પ્રતિષ્ઠા નિમ્બાર્ક રાજાએ છેક ઈસવીસનની ૧૨મી સદીમાં પધરાવી.

ભગવાન સ્વામિનારાયણે પણ ભક્ત સહિત ભગવાનનો મહિમા કર્યો છે. ભગવાન સ્વામિનારાયણના ઉપદેશવચનોના ધર્મગ્રંથ ''વચનામૃત'' લોયાના ૧૨માં ''ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય''ની વાત સમજાવી છે, તો ''વચનામૃત'' પ્રથમના ૨૧માં મૂર્તિમાન અક્ષરસ્વરુપની ઉપાસના કરવા કહ્યું છે. ''વચનામૃત'' પ્રથમના ૭૧માં કહ્યું છે કે ''ભગવાન અક્ષર (ભક્ત) સહિત જ પધારતા હોય છે'' એમ કહ્યું છે. ''વચનામૃત'' અમદાવાદના ૭માં પણ શ્રીજી મહારાજે પોતાના ભગવાનપણાની વાત તત્વજ્ઞાન સાથે સમજાવી છે.

***જસ્ટ ટ્વીટ :***

''શ્રીજી મહારાજે જેમ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને ધર્મના ચાર મુખ્ય સ્તંભ કહ્યા છે, એમ આજ્ઞા, ઉપાસના, સદભાવ અને પક્ષ મળીને ચાર પાયાથી ધર્મ બંધાયેલો છે.''

**- યોગીજી મહારાજ**

## વિસરાતી વાનગી



### બાજરીની રાબ

**રેસીપી સામગ્રી**

**૨૫૦ ગ્રામ બાજરીનો લોટ**
**૧૦૦ ગ્રા ઘી**
**૧૫૦ ગ્રામ ખાંડ**

**રાબ બનાવવાની રીત**

**ઘીમાં બાજરીનો લોટ ભેળવી ધીમા તાપે લોક શેક્વો. લોટ-ઘીમાં શેકાઈ ગયા પછી દૂધ ઉમેરવું. ધીમે-ધીમે હલાવતા જવું જરૂર મુજબ ખાંડ નાખવી ઉકાળવી રાબ તૈયાર.**

**બાજરીની રાબ નાના બળકો માટે વૃદ્ધો માટે, આપણા માટે સૌ માટે આ સિઝનમાં લાભદાયક અને પૌષ્ટિક આહાર ગણાય પરંતુ આજની જનરેશન ફાસ્ટ ફૂટ, સ્પાઈસી વાનગીમાં વળી ગયા છે તેઓને આ ગુજરાતી વાનગીનો લાભ અવશ્ય આપવો જોઈએ. પૌષ્ટિક પણ ખરી અને પોષણ મેળવનારી વાનગી અને સંપૂર્ણ આહાર કરીએ તો પણ ચાલે.**

# એક વો ભી દિવાલી થી..!! સામાન નહીં, દિવાળી માંગે છે સમય અને સન્માન..!!







## Hello ફ્રેન્ડસ !

સંજય થોરાત 'સ્વજન'
mail@sanjaythorat.com

દિવાળી શબ્દ પડતાં જ મનમાં બાળપણ, સબરસ, દીવડાં, આસોપાલવનાં તોરણ, ઢોલ, રોશની, ફટાકડાં, સફાઈ, મીઠાઈઓ, નવા કપડાં, મિત્રો, હસી-ખુશી, કુટુંબીજનો, જાત ભાતના સાથીયાઓ, દિવાળી નિમિતે થતી પૂજાઓ, ઘરેણાં તેમજ વાહનની ખરીદીઓ, નવા કેલેન્ડર, જુના હિસાબો, નવા વ્રતો, નવ વર્ષની શુભેચ્છાઓ સહિત બીજુ ઘણું યાદ આવે. મારાં તમારાં બાપ દાદા કરતાં એ વાતો છે.

લોકો કહે છે કે જુની વાતો અને જુના જમાનાને વારંવાર યાદ કર્યા કરવા તે વૃધ્ધત્વની નિશાની છે, વાતમાં તથ્ય પણ હશે એનો ઈન્કાર નથી, પણ એ પ્રકારના વૃધ્ધો જુના જમાનાને યાદ કરીને નવા જમાનાને કોષતા હોય છે, એવી કોઈ વાત અહીં કરવી નથી, દિવાળી વિશેના થોડા સ્મરણોની મજા વહેંચવાનોજ ઈરાદો છે,

એ સમયે અંધકાર સાથે વધુ પનારો પડતો એટલે પ્રકાશનું મહત્વ હતુ, દીપમાલાઓ ને શણગારનું મુખ્ય માધ્યમ ગણવામાં આવતું, પરંતુ આટલી સંખ્યામાં દીવા પ્રગટાવવા એ સામાન્ય દિવસોમાં શક્ય બનતું નહી, એટલે દિવાળી જેવા દિવડાના તહેવારનું ઘણું મહત્વ રહેતું,આજે ઈલેક્ટ્રીસિટીની ઝાકઝમાળ વચ્ચે પણ દીવા પ્રગટાવવાનું પ્રતિકાત્મક મહત્વ જળવાઈ રહ્યુ છે, આજે થતા દીવા શોભા માટે છે એ સમયે એ એક આનંદ અને ઉલ્લાસનું પ્રતિક ગણાતા, મોડી રાત્રે દીવા બળતા જોઈ ને લક્ષ્મિજી પધારે એવી માન્યતા હતી, ઘરેઘરે દીવા પ્રગટતા હોઈ લક્ષ્મિજી પણ કંફ્યુઝ થઈ જતા હશે કે કોને ત્યાં જવુ...?

આજે દીવડાનું ઉપયોગીતાની દૃષ્ટિએ વધુ મહત્વ રહ્યું નથી તેમછતાં દીવાનું એક અનોખું સ્થાન આપણા સમાજમાં જળવાઈ રહ્યું છે. દીવો એ પવિત્રતાનું શુધ્ધતાનું અને ભક્તિનું પ્રતિક રહ્યો છે... કોઈ પણ શુભ પ્રસંગે દીવાનું પ્રાકટ્ય અનિવાર્ય ગણાય છે, દેવસ્થાને, મંદીરોમાં, મૃત્યુ ના સમયે પુજાપાઠ માં આપણને દીવા વીના ચાલતું નથી, ઈલેક્ટ્રિક બલ્બ ગમે તેટલો પ્રકાશ આપે, છતા દીવા વીના કોઈ શુભ પ્રસંગ ના મંડાણ થતા નથી. દિપોત્સવી ગ્રીટિંગ્સકાર્ડ ઉપર, દીવાળી અંકોમાં, જાહેરખબરોમાં, બધે જ દીવાળી પર્વ વખતે દીવાનાં ચિત્રો શોભતા હોય છે, સુરજ સામે દીવો ન ધરાય, પણ આજે સો કે હજાર વોલ્ટના બલ્બ કે એલઈડી સળગતા હોવા છતાં દીપપ્રાગટ્ય અમૂક પ્રસંગે અનિવાર્ય બની રહે છે. આજે પ્રકાશ માટે નહી પણ પવિત્રતા અને શુધ્ધતાના પ્રતિક તરીકે દીપનું મહત્વ છે. એટલેજ દીવાળી એ પ્રકાશનું પર્વ કહેવાય છે.

> **કયાં ગયા ચકચકતાં બેડાં પાણિયારાં ક્યાં ગયાં?**
> **ફીઝવાસીઓ! તરસના એ સહારા કયાં ગયાં?**
> **વીજળી ન્હોતી ઘરેઘર માણસાઈના દીવા,**
> **કોડિયાં બળતાં હતાં જે એકધારાં કયાં ગયાં?**
> **- રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

ભારત મૂળ કૃષિપ્રધાન દેશ છે. દેશમાં સારું ચોમાસું જાય તે પછી જે ફસલ પાકે છે, તેનો આનન્દ લોકો ને વિશેષ હોય છે, વરસ સારું ગયું હોઈ નવા વર્ષે તેનો આનંદ ઉજવવાનું સહજ રીતેજ મન થાય, તેથીજ લોકો ખુશાલી મનાવવા દીવા પ્રગટાવી અજવાળુ કરીને તથા ફટાકડા ફોડીને મબલખ અન્નઉત્પાદન ને વધાવતા હોય છે. ખેતીનો પાક થાય તેના ઉપર માત્ર ખેડુત જ રાજી ન થતો. ગામના કારીગરો, વેપારીઓ, વસવાયાઓ, મજુરો, રાજાઓ, સરકારો, મહિલાઓ, ગામના શિક્ષકો, વીગેરે બધાજ ને સારો પાક થાય ત્યારે કામ અને આવક મળી રહેતા, લોકો નવા વસ્ત્રો ખરીદતા...

તેથી વણકરો અને દરજીઓ ને લાભ મળતો, નવા બૂટ ચપ્પલ ખરીદાતા તેનાથી ગામના ચર્મકારો ને ઘરાકી મળતીઘરેણા ઘડાવવામાં આવતા તેનાથી ગામના સોનીને ફાયદો થતો દીવાળી ઉપર આખા વર્ષનો હિસાબ કરવામાં આવતો, સોની, મોચી, વાળંદ, સુથાર, લુહાર, કડીયા, ગણોતિયા, ખેતમજુર, કુળગોર, ગામના દરબાર સિપાઈ, રખેવાળ, પગી ઈત્યાદી બધાને વર્ષના અંતે એટલે કે દીવાળી એ તેમનો લાગો ચુકવવામાં આવતો, એટલે સર્વે ના હૈયામાં હર્ષ છલકતો, આવે પ્રસંગે વેરઝેર ભુલી ને બધા એકબીજા ને અભિવાદન કરતા, અને ચારદિવસ કામ કાજ બંધ રાખીને રજા નો આનંદ માણતા.

રંગોળી દરેક રાત જાગીને બનાવે, અને કેટલાક અવળચંડા જાણી જોઈને પગ ફેરવી આવે. દીવા અને મીઠાઈઓ એ આ તહેવારના મુખ્ય સાધનો છે, તે સમયે રોજેરોજ મિષ્ઠાન્ન બનતા નહી, વારતહેવારેજ મિષ્ઠાન્ન બનતા, એટલે તેનો આનંદ

અનુસંધાન પાના નં. ૭ પર